ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૫૧ ટકા

ગાંધીનગર તાપમાન

શિયાળામાં સ્વાદિષ્ટ ઊંધિયું હોટ ફેવરિટ

ફરસાણની દુકાનોમાં ૩૨૦ રૂપિયે કિલો ઊંધિયું અને ઊંધિયું પ્લેટર જેનો ભાવ ૧૪૦ રૂપિયા

ગાંધીનગર, તા.૨૭

શિયાળામાં પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ઊંધિયું ફરસાણની દુકાનોમાં મળી રહ્યું છે. જે ગુજરાતની પરંપરાગત વાનગી ગણાય છે. જેમાં ઘણી બધી શાકભાજીઓ અને ઘણા બધા મસાલાઓ ઉમેરીને સ્વાદિષ્ટ બનાવવામાં આવે છે. ઘણાં મસાલાઓનો ઉપયોગ કરીને આ વાનગી સુગંધિત બને છે.

શહેરમાં ફરસાણની દુકાનોમાં પૌષ્ટિક ઊંધિયું મળી રહ્યું છે. જેનો ભાવ ૩૨૦ રૂપિયા કિલો છે. વૃંદાવન સ્વીટસ અને રાધે સ્વીટસમાં ઊંધિયાનું વેચાણ શરૂ થઈ ગયું છે જેમાં ઊંધિયાનું પ્લેટર સર્વ કરવામાં આવે છે. આ દુકાનોમાં ગ્રાહકોને ઉંધિયાનું પ્લેટર સર્વ કરવામાં આવે છે. જેમાં ઉંધિયું, પૂરી, લીલવા કચોરી, શુધ્ધ ઘીની જલેબી, ચટણી પીરસવામાં આવે છે. જેનો ભાવ ૧૪૦ રૂપિયા છે.

શિયાળામાં શહેરીજનો દ્વારા સૌથી વધારે ઊંધિયું ખરીદવામાં આવે છે. જેમાં દર વર્ષે એક હજારથી પંદરસો કિલો ઊંધિયું આ ફરસાણની દુકાનોમાંથી વેચાય છે. જેમાં ઉત્તરાયણ દરમિયાન ઊંધિયાની ખરીદીમાં ધમધમાટ જોવા મળતો હોય છે.

ઊંધિયામાં વપરાતી વિવિધ સામગ્રીઓ

રવૈયા, લીલી તુવેરના દાણા, લીલા મરચાં, કાચાં કેળાં, સુરતી પાપડી, બટાકા, રતાળું, શક્કરિયા, સુરણ, નારિયેળનું ખમણ, કોથમીર, આદુ, મરચાં, લીલું લસણ, અજમો, હળદર, ધાણાજીરું, મીઠું, હિંગ, ખાંડ, ચણાનો લોટ, મેથીની ભાજી, અન્ય લીલા શાકભાજી...

શિયાળામાં લીલા શાકભાજીની અઢળક આવક બજારોમાં જોવા મળે છે અને તાજા લીલા શાકભાજીની ગૃહિણીઓ દ્વારા ભરપૂર માત્રામાં ખરીદી કરવામાં આવે છે. શરીરને તંદુરસ્ત રાખવા માટે શિયાળાની સિઝન બેસ્ટ ગણાય છે તેથી ગૃહિણીઓ ઘરે પણ ઉંધિયું બનાવીને બાજરાના રોટલા સાથે સર્વિંગ કરે છે. ગુજરાતીઓ ઉંધિયું ખાવાની મજા ચૂકતા નથી. અત્યારે લગ્નસરાની સિઝનમાં પણ વિવિધ પ્રકારની વાનગીઓમાંની એક ઉંધિયાની પસંદગી જરૂર કરાતી હોય છે. શહેરમાં ઘણી બધી સોસાયટીઓમાં સ્પેશિયલ જમણવાર રાખવામાં આવે છે. જેમાં ઉંધિયું, પૂરી, બાજરીના રોટલાની જમાવટ થાય છે. શિયાળાની ગુલાબી ઠંડીમાં ગરમાગરમ ઉંધિયું ખાવાની મજા જ કાંઈક અલગ છે.

સુરત નજીકની કતાર ગામની એકદમ નાની પાપડી ઊંધિયા માટે પ્રખ્યાત છે. સુરતી ગોળ રતાળુ અને તાપી નદીનું પાણી પણ સુરતી ઊંધિયાના સ્વાદ માટે જાણીતું છે. દર વર્ષે શહેરીજનો શિયાળાનું હોટ ફેવરેટ ઊંધિયું ખાવાનું ચુકતા નથી. કોરોનાકાળમાં પણ ઘરે ઊંધિયું બનાવીને શહેરીજનોએ મજા માણી હતી. કારણકે ગયા વર્ષે કોરોનાકાળમાં બહારથી જમવાનું લેવાનું શહેરીજનો ટાળતા હતા. જયારે આ શિયાળો મન ભરીને સ્વાદિષ્ટ ઊંધિયાની મજા માણી શકશે.

જન્મદિને વધામણી

સુર્યાબેન સુરેશભાઈ પ્રજાપતિ
મો. ૯૨૭૪૮ ૬૦૮૬૦

જિજ્ઞેશકુમાર જીવણજી ઠાકોર
મો. ૮૧૪૧૬ ૫૬૨૨૯

આરવ હાર્દિક શાહ
મો. ૯૮૨૫૩ ૮૧૦૧૫

ચિરાગ ગુણવંત ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

આજે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબનો આજે સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. જે ભારત માતા મંદિર ખાતે સાંજે ૫.૩૦ વાગ્ય યોજાશે. આ કાર્યક્રમમાં (પાસ્ટ ચેરપર્સન) આશાબેન પંડયા, ધીમંતભાઈ શેઠ (કોનેશનલ ચેરમેન), શંકરસિંહ રાણા (ચેરમેન મધુર ડેરી), નારાયણભાઈ પટેલ (વેસ્ટર્ન એગ્રોસીડસ), હિતેશ મકવાણા (મેયર), પ્રેમલસિંહ ગોલ (ડેપ્યુટી મેયર), જસવંતભાઈ પટેલ (સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન), નાજાભાઈ ઘાંઘર (ડેપ્યુટી પૂર્વ મેયર), રાધેશ્યામ યાદવ (ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબના પ્રમુખ) અને તમામ સદસ્યો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં અતિથિઓ અને ઈન્ડિયન લાયન્સના તમામ સભ્યો પદાધિકારીઓને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જીભચિતરીયા, જાંબુડી, અણસોલમાં કુલ ૧૦૭ લાભાર્થીને ૩ કિ.ગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જાંબુડીમાં સીંગતેલની બોટલ તથા અણસોલમાં૫૦૦ ગ્રામ મગફોતરાનું વિતરણ કર્યું હતું તથા બિસ્કીટના પેકેટનું વિતરણ કરીને સેવા કાર્ય કર્યું હતું. જેમાં જે.બી.વાઘેલા, કરશનભાઈ પ્રજાપતિ, મિલિન્દભાઈ,વિપુલભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

રૂપાલમાં નવનિર્મિત રામજી મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૭

રૂપાલ ગામમાં નવ નિર્મિત રામજી મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો. આ પ્રસંગ સ્વ. લાલસિંહ કિશોર રહેવર પરિવારના અગ્રણી ધનરાજસિંહ રહેવરના મુખ્ય યજમાનપદે યોજાયો હતો. જેમાં શ્રીરામચંદ્ર ભગવાન પરિવાર, ગણપતિ દાદા અને હનુમાનજીની મૂર્તિઓની વિશાળ શોભાયાત્રા દ્વારા રૂપાલની મુખ્ય બજારમાં પરિક્રમા કરવામાં આવી હતી અને યજ્ઞ આચાર્ય જીતેન્દ્રકુમાર મણિલાલ જોષી, ભરતભાઈ ગોરધનભાઈ જોષી, અશોકભાઈ શાસ્ત્રી દ્વારા મંત્રોચ્ચાર સાથે મૂર્તિઓનું દાતાઓના વરદ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુંબઈ સહિતના બહાર ધંધાર્થે રહેલા રૂપાલના વતની પરિવારો આ પ્રસંગે ઉપસ્થિત રહી આ નવનિર્મિત મંદિરના પાવનકાર્યમાં દાતા રૂપે સહયોગ આપી વતનપ્રેમની સુંદર ભાવનાના દર્શન કરાવ્યા હતા. ત્રિદિવસીય આ મહોત્સવમાં રાત્રે સુંદરકાંડ, ભજન, સત્સંગ સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પટેલ બાબુભાઈ શાંતિલાલ,** ઉ.વ. ૮૫, સેકટર-૧
- **સ્વ. ચાવડા હેમતુજી બળદેવજી,** પેથાપુર
- **સ્વ. પટેલ ગોમતીબેન શંકરભાઈ,** ઉ.વ. ૭૦, સેકટર-૩
- **સ્વ. આર્ય ઉષાબેન રામુભાઈ,** ઉ.વ. ૩૫, પુન્દ્રાસણ
- **સ્વ. જયસ્વાલ છોટાલાલ શિવલાલ,** ઉ.વ. ૮૨, ઈટલા, માણસા
- **સ્વ. દરજી ડાહીબેન ચંદુલાલ,** રાંધેજા
- **સ્વ. શાહ દેવીયાની વિનોદચંદ્ર,** ઉ.વ. ૮૨, અડાલજ
- **સ્વ. ત્રિવેદી જયશ્રીબેન શૈલેષભાઈ,** ઉ.વ. ૫૧, સેકટર-૩
- **સ્વ. મકવાણા કાનાજી કાળાજી,** ઉ.વ. ૬૫, કોલવડા

એસ.એસ.વી. શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના ઘરે જઈ પ્રત્યક્ષ મુલાકાત

ગાંધીનગર, તા.૨૭

આજની પરિસ્થિતિને જોતા નાના વિદ્યાર્થીઓ શાળાને સાવ ભૂલી જ ગયા છે. શાળામાં જઈ બીજા બાળકો સાથે રમવું, ભણવું જોડે બેસીને નાસ્તો કરવો જાણે સપનું જ બની ગયું છે. ઘરે રહીને તેમની દિનચર્યા સાવ બદલાઈ ગઈ છે. બાળકો ચીડચીડીયા બની રહ્યા છે અને માતાપિતા પણ તેમના અભ્યાસને લઈને ચિંતીત છે કારણકે જો શિક્ષણનો પાયો જ કાચો રહી જશે તો તેમના ભવિષ્યને પણ અસર થશે. પરંતુ સામે કોરોનાના સમયે બાળકોને શાળાએ મોકલતા પણ અચકાય છે. ધોરણ ૧થીપના બાળકો શાળાએ આવતા થયા છે ત્યારે પ્રિ-પ્રાયમરીના નાના ભૂલકાઓ જેણે કદાચ સ્કૂલ કદી જોઈ જ નથી અને તેમના શિક્ષકોને પ્રત્યક્ષ મળ્યા નથી તેઓ શાળાએ આવવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે તેથી એસ.એસ.વી. શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓના ઘરે જઈને મુલાકાત લીધી હતી અને તેમના સમજવા માટે તેમની સાથે વાતચીત કરી હતી.

મંગળવારે સેકટર-૨૨માં સ્વૈચ્છિક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર ખાતે દિવ્ય ભાસ્કર દ્વારા શહેરના સેવાભાવી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થા હેપ્પી યુથ ક્લબના સહયોગથી આગામી તા.૩૦ નવેમ્બર મંગળવારે સેક્ટર-૨૨માં સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિર સે.૨૨માં ઘ-ટાઈપમાં બ્લોક નં-૧૫/૪ ખાતે દિવ્ય ભાસ્કરના ગાંધીનગર કાર્યાલયે યોજાશે. અત્રે ઉલ્લેખનીય દિવ્ય ભાસ્કર ગૃપ દ્વારા તેના પૂર્વ ચેરમેન સ્વ. રમેશચંન્દ્રજી અગ્રવાલના ૭૭મા જન્મદિન 'પ્રેરણા દિવસ' નિમિત્તે ગુજરાત સહિત આઠ રાજ્યોમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રક્તદાન કેમ્પમાં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકની ટીમ પૂરી પાડશે તેમજ રકતદાતાઓને રકતદાતા પ્રોત્સાહન કીટથી સન્માનિત કરવામાં આવશે. રક્તદાન કેમ્પમાં વેક્સીનના બન્ને ડોઝ લીધા હોત તેવા રક્તદાતા રક્તદાન કરી શકસે તેમજ રક્તદાન શિબિરમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરાશે. અત્રે એકત્ર કરાયેલું રક્ત દુર્ઘટનાગ્રસ્ત દર્દી, થેલેસેમિયા, ગર્ભવતી મહિલા અને ગંભીર બિમારીગ્રસ્ત દર્દીઓનું જીવન બચાવવામાં ઉપયોગી નીવડશે.

આજે સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજનો સ્નેહમિલન તથા સન્માન સમારોહ યોજાશે

કેબિનેટ મંત્રી પૂર્ણેશભાઈ મોદી સહિત મહાનુભાવોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના તમામ મોઢ મોદી અને તેલી સમાજના તમામ ઘટકો, ટ્રસ્ટ, સંસ્થાઓ વગેરેને એક નેજા હેઠળ સંગઠિત કરવા તેમજ તેમનો વિકાસ કરવાના ઉમદા હેતુથી સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજના ટ્રસ્ટી મંડળ, વહીવટી સમિતિ, ઘટકોના પ્રમુખ અને માનદ મંત્રી તથા હોદ્દેદારો, વિવિધ સમિતિઓ, સેલના ચેરમેન તથા સભ્યોની વાર્ષિક સાધારણ સભા અને સ્નેહમિલન સાથે સન્માન સમારોહનું તા. ૨૮મી નવેમ્બર રવિવારે સવારે ૧૦.૩૦ થી સાંજના ૪ વાગ્યા સુધી એસ.જી. હાઈવે પર ગોતા ખાતેની સિલ્વર ઓક યુનિ.ના મિલેનિયમ હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સમાજના પ્રમુખ તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મોટાભાઈ સોમાભાઈ દામોદરદાસ મોદીના અધ્યક્ષસ્થાને યોજાશે. કાર્યક્રમમાં સમાજના કાર્યકારી પ્રમુખ તથા ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી પૂર્ણેશભાઈ મોદી સહિત મહાનુભાવોનું સન્માન કરાશે.

રક્ષા શુકલનું પુસ્તક 'ભારતની ૭૫ શ્રેષ્ઠ મહિલાઓ' નો વિમોચન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત સાહિત્ય અકાદમી અને પરિચય ટ્રસ્ટ આયોજિત રક્ષા શુકલ લિખિત પુસ્તકનો વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. 'ભારતની ૭૫ શ્રેષ્ઠ મહિલાઓ' પુસ્તકનો વિમોચન સમારોહ નવજીવન ટ્રસ્ટ ખાતે યોજાયો હતો. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રક્ષા શુકલ લિખિત આ પુસ્તક વિશે વાત કરતા અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવે કહ્યું હતું કે, 'આ પુસ્તક નોખી નારી શકિતને ઉજાગર કરે છે અને સાથે સાથે ભારતની ભવ્ય ભાતીગળ સંસ્કૃતિનો જયકાર કરે છે.' જયારે સુપ્રસિધ્ધ સિતારવાદક વિદૂષી મંજુ મહેતાએ જણાવ્યુ હતું કે, 'રક્ષા શુકલનું આ એક અનોખુ અને અદભુત કાર્ય છે જે સંદર્ભ ગ્રંથ તરીકે ઉપયોગી થાય તેવું છે.' આ પ્રસંગે જાણીતા લેખક રાજ ભાસ્કરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ કાર્યક્રમનું સંચાલન સ્નેહલ મુઝુમદારે કર્યુ હતું.

આર.એન. પટેલ સ્કૂલમાં ઊર્જા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

આર.એન. પટેલ પ્રાથમિક શાળા ખાતે નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના માર્ગદર્શન હેઠળ ઊર્જા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના માર્ગદર્શક હાર્દિકભાઈ મકવાણા દ્વારા ધો-૮ના વિદ્યાર્થીઓને ઊર્જા જાગૃતિ અંગેની માહિતી આપવામાં આવી હતી અને વિદ્યાર્થીઓએ મેળવેલા જ્ઞાનની ચકાસણી માટે સ્પર્ધા યોજાઈ હતી. જેમાંથી પ્રથણ ત્રણ વિજેતાઓને અનુક્રમે પ્રથમ વિજેતા હરીઓમ પંડયાને ૮૦૦ રૂ., દ્વિતીય વ્રજ પટેલને ૭૦૦રૂ. અને તૃતીય સિધ્ધરાજ ચાવડાને ૫૦૦ રૂ.ઈનામ આપીને નવાજવામાં આવ્યા હતા. આ ઉર્જા જાગતિ કાર્યક્રમ દ્વારા શાળાના બાળકોને વિશેષ માહિતી આપવા બદલ હાર્દિકભાઈ મકવાણાનો શાળા પરિવાર તરફથી આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

સેકટર-૮માં છેલ્લા ઘણા સમયથી વિવિધ વિકાસકાર્યો ચાલી રહ્યા છે. આ વિકાસકાર્યોની સમીક્ષા વોર્ડ નં.૧૦ના કોર્પોરેટરોએ કરી હતી. સેકટર-૧ અને સેકટર-૮ના વસાહતીઓની ફરિયાદો સાંભળી તેના નિવારણ માટે પ્રયાસો કરાયા હતા.

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે સંવિધાન દિવસે કાનૂની શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૨૭

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે ચિલોડા પ્રાથમિક શાળા ખાતે ૨૬ નવેમ્બરના રોજ બંધારણ દિન-રાષ્ટ્રીય કાનૂન દિવસ સંદર્ભે ભારતના નાગરિકોના મૂળભૂત અધિકારો અને ફરજો વિશે પી.એલ.વી. નટુભાઈ પટેલ દ્વારા વિશેષ શિક્ષણનો અધિકાર સંદર્ભે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ શિબિરમાં શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, શિક્ષક રંકિતભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી પી.એલ.વી. નટુભાઈ પટેલે સંવિધાન આમુખનું વાંચન કરી શપથ લેવડાવ્યા હતા.

ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત હરીન્દ્ર દવેને શબ્દાંજલિ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત સાહિત્ય અકાદમી અને હરીન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા હરિન્દ્ર દવેને શબ્દાંજલિ પાઠવાતો કાર્યક્રમ યોજાશે. જે આજે સાંજે ૬.૦૦ કલાકે નવજીવન ટ્રસ્ટ ખાતે યોજાશે.



આ કાર્યક્રમમાં અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ હરીન્દ્ર દવેની કવિતાનો રસાસ્વાદ કરાવશે તથા જાણીતા અભિનેતા પ્રશાંત બારોટ, નૈષેદ્ય પુરાણી, કમલ જોશી, સેજલ પોંદા ઈત્યાદિ કલાકારો નાટયમંચન કરશે. ડૉ. ફાલ્ગુની શશાંક હરીન્દ્ર દવેના ગીતોને સ્વર આપશે. પદ્મશ્રી વિષ્ણુ પંડયા કાર્યક્રમના અધ્યક્ષ તરીકે રહેશે. જેનું સંચાલન સુપ્રસિધ્ધ શાયર હિતેન આનંદપરા અને સંકલન હરદ્વાર ગોસ્વામી કરશે. આ સાથે પુસ્તકમેળા અંતર્ગત કાર્યક્રમના સ્થળ પર હરીન્દ્ર દવેના પુસ્તકોનું પ્રદર્શન થશે. આ કાર્યક્રમમાં પધારવા સાહિત્યરસિકોને જાહેરનિમંત્રણ પાઠવ્યું છે.

સિધ્ધાર્થ લો કોલેજમાં ભારતીય સંવિધાન દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

સિધ્ધાર્થ લો કોલેજમાં ભારતીય સંવિધાન દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજ સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજર રહી પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. સિધ્ધાર્થ લો કોલેજના આચાર્ય ડૉ. દિલીપ એ. મેવાડાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

જીઆઈપીએસમાં WICCI દ્વારા યોગ વર્કશોપ યોજાયો



જીઆઈપીએસમાં WICCI વિભાગ દ્વારા યોગા વર્કશોપ યોજાયો હતો. જેમાં બાળકોને યોગાવાર્તા દ્વારા સમજાવીને તેનુંમહત્વ જણાવ્યું હતું. આ વર્કશોપમાં બાળકો, વાલીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શ્રી રંગ સોસાયટી ખાતે સુંદરકાંડ પાઠ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

શ્રી રંગ સોસાયટી હડમતીયા ગાંધીનગર ખાતે સુંદરકાંડ પાઠ યોજાયો હતો. જે ગોપી મહિલા ભજન મંડળ દ્વારા ભારતીબાપુની વ્યાસ પીઠે સુંદરકાંડ પાઠ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભકતજનોની ઉપસ્થિતિ રહી હતી.